# એક ગુજરાતી ઉદ્યોગ સાહસિકના સામ્રાજ્યને કઈ રીતે તોડી પાડવામાં આવ્યું?

**એક રાજકીય ષડ્યંત્રની દાસ્તાન કહેતું સ્ફોટક પુસ્તક.**

**ગુજરાતીઓની** ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખું શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં, પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસા ઘડાયાના દાખલા છે.

તાજેતરના ઈતિહાસ મુજબ બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઊંચેરું સ્થાન અપાવનારા **જિજ્ઞેશ શાહે** વિવિધ એસેટ્સમાં દેશ-વિદેશમાં દસ એક્સચેન્જ સ્થાપ્યાં હતાં, જે દુનિયાના અલગ અલગ ભાગમાં અલગ અલગ નિયમનકારો હેઠળ સફળ કામગીરી બજાવી રહ્યાં હતાં. જો કે એમની સફળતા-સિદ્ધિઓને રાજકીય કાવાદાવા અને નિમ્ન કક્ષાના ષડ્યંત્ર દ્વારા કઈ રીતે તોડી પાડવામાં આવી એની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર **શાંતનૂ ગુહા રેએ** *ધ ટાર્ગેટ* નામના પુસ્તકમાં કર્યું છે.

શાંતનૂ ગુહા રે વ્હૉર્ટનના અનુભવી પત્રકાર છે. એમણે અનેક સંશોધનાત્મક અહેવાલ તૈયાર કર્યા છે.

આ પુસ્તક *ધ ટાર્ગેટ*ની અંગ્રેજી આવૃત્તિને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને પગલે હવે *ધ ટાર્ગેટ*ની ગુજરાતી




દીપક ધુરી

***'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કરી રહેલા લેખક શાંતનૂ ગુહા રે સાથે 'ઑથર્સ અપ ફ્રન્ટ'ના મનીષ પુરોહિત.***

આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે (પાનાં: ૨૫૬). આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિએ બજારમાં મૂકવામાં આવી એના ૯૦ દિવસમાં જ એમેઝોન પર *બિઝનેસ અને ઈકોનોમી* કૅટેગરીમાં નંબર-વન પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર *ક્રૉસવર્ડ*માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે એક અભૂતપૂર્વ ઘટના ગણાય.

આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નૅશનલ સ્પૉટ એક્સચેન્જ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. ખાસ કરીને જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા એનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત કોણ હતા અને એમના બદઈરાદા કયા અને કેવા હતા એના પર લેખકે આ પુસ્તકમાં વેધક પ્રકાશ પાડ્યો છે.

૧૮ જુલાઈ, ૨૦૧૭ના મુંબઈ કૅમ્પ્સ કૉર્નરના *ક્રૉસવર્ડ* સ્ટોરમાં વિમોચન થયેલા પુસ્તક *ધ ટાર્ગેટ*નું આમુખ લેખક, કટારલેખક અને સમીક્ષક **સુહેલ શેઠે** લખ્યું છે તથા દિલ્હીની *ઑથર્સ અપ ફ્રન્ટ* સંસ્થા એનું વિતરણ કરી રહી છે.

■ **ચિત્રલેખા** (મુંબઈ બ્યૂરો)